ACPDC
The Admission Committee for Professional Diploma Courses (GUJARAT STATE)

No. ACPDC/2021/199

Date 27 AUG 2021

# અખબારી યાદી

## ધો.10 પછીના ડિપ્લોમા પ્રથમ વર્ષમાં પ્રવેશ પ્રક્રિયા વર્ષ 2021 અંતર્ગત પ્રવેશ મેળવવા ઇચ્છુક ઉમેદવારો માટે

ધો.10 પછીના ડિપ્લોમા પ્રથમ વર્ષમાં પ્રવેશ પ્રક્રિયા અંતર્ગત તા.17/06/2021 થી તા. 25/08/2021 દરમ્યાન કુલ 44033 ઉમેદવારોએ રજીસ્ટ્રેશન ફી ભરીને રજીસ્ટ્રેશન પ્રક્રિયા પૂર્ણ કરેલ છે.

વર્ષ 2021 દરમ્યાન કોરોના વૈશ્વિક મહામારીને ધ્યાને લેતા ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક બોર્ડ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા વર્ષ 2021ના ધો.10ના નિયમિત વિદ્યાર્થીઓને મેરીટબેઝ પ્રોગ્રેશન આપવામાં આવેલ જ્યારે વર્ષ 2021 પહેલાના નાપાસ થયેલ વિદ્યાર્થીઓની ઓફલાઇન પરીક્ષા લેવામાં આવેલ. સદર વિદ્યાર્થીઓનુ પરીણામ તા.25/08/2021 ના રોજ જાહેર થયેલ છે.

તા. 25/08/2021ના રોજ પરીણામ મળેવેલ પ્રવેશ વાંચ્છુક ઉમેદવારો તરફથી તા.26/08/2021 ના રોજ સમિતિના માહિતીના આદાનપ્રદાન માટેના ઓફિશિયલ મેઇલ આઇ-ડી.acpdcinfo@gmail.com દ્વારા, (24X7)હેલ્પલાઇન (079-26566000) દ્વારા તથા વિવિધ સાયબર સેન્ટર ખાતે રજીસ્ટ્રેશનની પ્રક્રિયા માં તક આપવા અંગે વિવિધ લેખિત તેમજ મૌખિક રજુઆતો અત્રેની સમિતિને મોકલવામાં આવેલ. ઓનલાઇન રજીસ્ટ્રેશનથી વંચિત રહી ગયેલ હોય તેવા સદર ઉમેદવારોના શૈક્ષણિક હિત જળવાય તેવા સુજ્ઞ આશયથી ઓનલાઇન રજીસ્ટ્રેશનની પ્રક્રિયા તા. 31/08/2021 સુધી લંબાવવામાં આવેલ છે. જ્યારે રજીસ્ટ્રેશન પછીના તબક્કાની તારીખ માં કોઇ ફેરફાર કરવામાં આવેલ નથી.

**અગાઉ રજીસ્ટ્રેશન કરાવેલ ઉમેદવારોએ ફરીથી રજીસ્ટ્રેશન કરવાનુ રહેતુ નથી તેની નોંધ લેવી.**

આગળની પ્રક્રિયાની વધુ માહિતી સમિતિની અધિકૃત વેબસાઇટ www.acpdc.co.in પર ઉપલબ્ધ છે.

મેમ્બર સેક્રેટરી
એડમિશન કમિટિ ફોર
પ્રોફેશનલ ડિપ્લોમાં કોર્સિસ
બીજો માળ, એ.સી.પી.સી. બિલ્ડીંગ,
એલ.ડી. એન્જી. કોલેજ કેમ્પસ, અમદાવાદ-૧૫

2nd Floor, ACPC Building, L. D. College of Engineering Campus, Navrangpura, Ahmedabad-380015.
Phone : 079 - 2630 5516 | Fax : 079-2630 0131 | Website : www.acpdc.co.in